# ઘોંઘાટિયા પાડોશી

શું પાડોશીઓનો ઘોંઘાટ તમને ખલેલ પહોંચાડે છે? જો કે પાડોશમાંથી ટીવીનો કે ખેલકૂદ કરી રહેલા બાળકોનો અવાજ આવે એ તો સ્વાભાવિક છે, પરંતુ ઘોંઘાટિયા પાડોશી સમસ્યા ઊભી કરી શકે છે. તમે ભાડે રહેતા હો કે તમારૂં પોતાનું મકાન હોય, તમે શું કરી શકો એ આ પત્રિકામાં બતાવાયું છે.

## ઘોંઘાટને દૂર કરવા માટે સહાય

અમુક હદ સુધીનો અવાજ કે શોર સ્વીકારી શકાય છે, એટલે શું થઇ શકે એનો આધાર તો તે તે પરિસ્થિતિ ઉપર છે. તમારા જ ઘરમાં તમે સહજ રીતે ન રહી શકો એવો અને એટલો ઘોંઘાટ હોય તો તમે કંઇક પગલાં લઇ શકો. ઉદાહરણ તરીકે - ઘોંઘાટથી તમારી નિદ્રામાં ખલેલ પડતો હોય, યા તમે ટીવી ન સાંભળી શકો. બીજા મુદ્દા પણ ખ્યાલમાં રાખવા જરૂરી છે, જેમ કે:

- ઘોંઘાટ ક્યારે - કયા સમયે, દિવસે, રાતે - હોય છે;
- કેટલી વખત ઘોંઘાટ થાય છે;
- કેટલી વાર સુધી ઘોંઘાટ ચાલુ રહે છે;
- એની શું અસર થાય છે.

## કોણ મદદ કરી શકે?

ઘોંઘાટની સમસ્યાઓના ઘણાખરા કિસ્સાઓમાં કાઉન્સિલને પગલાં લેવાનો અધિકાર હોય છે. તમે જાતે પણ કોર્ટે ચઢી શકો છો.

કેટલો ઘોંઘાટ થઇ રહ્યો છે એ નક્કી કરવા કાઉન્સિલ કોઇ કર્મચારીને મોકલશે, પણ જો એને પોતાને એવો ઘોંઘાટ ન સંભળાય તો કોઇ પગલાં લેવાનું મુશ્કેલ બની શકે છે. અમુક કાઉન્સિલોમાં સાંજે/રાતે કાર્યરત હોય એવા અફસર હોય છે જે એવે સમયે થતા શોરની જાંચ-તપાસ અને આંકણી કરી શકે છે. ઇમર્જન્સીમાં ફોન કરી શકાય એવા નંબર વિષે કાઉન્સિલમાં પૂછી લેવું.

## પગલાં લેવાની પધ્ધતિ

- સૌ પ્રથમ તો સમજૂતીની કોશિશ કરવી. એ વ્યક્તિ સાથે વાત કરો, તમને તકલીફ પડતી હોય એ તરફ એનું ધ્યાન દોરો, અને સમાધાન સાધવાની કોશિશ કરો. મામલો ગંભીર બને એ પહેલા આમ કરવું ઉત્તમ છે. મધ્યસ્થી કરી સહાય કરે એવી સેવા અમુક વિસ્તારોમાં મળતી હોય છે. તમારી સ્થાનિક મધ્યસ્થી સેવા વિષેની માહિતી "મીડિએશન યુકે" (ટેલિફોન નંબર ૦૧૧૭ ૯૦૪ ૬૬૬૧) માંથી મળશે.
- તમારા પાડોશી ભાડે રહેતા હોય તો એના મકાનમાલિકને વાત કરવાનું લાભદાયી બનશે. પાડોશીનો વધુ પડતો ઘોંઘાટ કદાચ એના ભાડા-કરારની શરતોનો ભંગ કરતો હોય.
- સમસ્યા ચાલુ રહે તો ઘોંઘાટ વિષે ડાયરીમાં નોંધ રાખો - કેટલી વાર સુધી ચાલુ રહે છે, કેટલો જોરથી શોર થાય છે (દા.ત. બાળકોને ઉંઘમાંથી જગાડે છે?), બીજા કોઇએ એ દેકારો સાંભળ્યો કે કેમ, એ બધું નોંધી લેવું. કિસ્સો બને એટલે તરત જ નોંધ કરી લેવી.
- તમારી કાઉન્સિલના એન્વાયરનમેન્ટલ હેલ્થ ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરો. એન્વાયરનમેન્ટલ હેલ્થ અફસર યા ઘોંઘાટ માટેનો ખાસ અફસર તમારી સાથે આ સમસ્યા બારામાં વાતચીત કરશે અને તમને સલાહ આપશે. એ પોતે પણ તપાસ કરે અને તમને રૂબરૂ મળવા પણ આવે.
- મામલો બહુ જ ગંભીર હશે તો કાઉન્સિલના અફસર પાડોશીને ઘોંઘાટ બંધ કરવાની કાનૂની નોટિસ ફટકારશે (આમ છતાં, મામલો બગડવાની ધાસ્તી હોવાથી, તમારે ડાયરીમાં નોંધ કરવાનું ચાલુ રાખવું). જો આ નોટિસથી કાંઇ ના વળે તો કાઉન્સિલ પાડોશીને મૅજિસ્ટ્રેટ કોર્ટમાં લઇ જઇ શકે છે જ્યાં એને દંડ કરી શકાય છે. તમારે કદાચ અહેવાલ આપવો પડશે અને સાક્ષી તરીકે કોર્ટમાં જુબાની આપવી પડશે.

તમે જાતે કોર્ટે ચઢવાનો નિર્ણય કરો તો કોઇ હાઉઝીંગ એડવાઇઝર (સલાહકાર) યા વકીલની સલાહ લઇ લેવી.

## વધારાની માહિતી

ઘોંઘાટિયા પાડોશીને લીધે ઊભી થતી સમસ્યાઓ ઉકેલવા માટે આ પત્રિકા પાયાનું માર્ગદર્શન પૂરૂં પાડે છે. વધારે માહિતી માટે

www.shelternet.org.uk

ઉપર તપાસ કરો, અથવા નંબર ૦૮૦૮ ૮૦૦ ૪૪૪૪ ઉપર "શેલ્ટરલાઈન"ને ફોન કરો (આ નંબર ચોવીસે કલાક સુલભ હોય છે અને એનો કોઇ ચાર્જ નથી.)

**ઑગસ્ટ ૨૦૦૨માં પ્રકાશિત**